ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૭/૨૧-૨૨/ 562 તારીખ : 18 FEB 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ચૌહાણ બાનુ બહાદુરભાઈ,**
**સુડવેલ બુલેટ ના શો રૂમ ની બાજુમાં,**
**વીરગ્રામ, હાઈવે રોડ,**
**મું. વઢવાણ,**
**જી.સુરેન્દ્રનગર.**

કેસ નં.૭૭/૨૧-૨૨

**મો.નં-૯૦૯૯૭ ૫૦૬૮૬.**

વિષય : **બી.પી.એલ વિજ કનેક્શન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૨/૦૧/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૫/૦૧/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૭/૨૧-૨૨/૨૧૭ તા.૨૦/૦૧/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૭/૨૧-૨૨/૧૯૨ તા.૧૮/૦૧/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૭/૦૧/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વઢવાણ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૭૭/૨૧–૨૨</u>** ☜

વાદી :– **શ્રી ચૌહાણ બાનુ બહાદુરભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખ:– તા.૨૭/૦૧/૨૦૨૨</u>** ◈

હાજર રહયા :– **શ્રી ચૌહાણ બાનુબેન બહાદુરભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રીમતી જે.આર.રત્નુ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ચૌહાણ બાનુબેન બહાદુરભાઈ, મું.વઢવાણ, જી.સુરેન્દ્રનગર ની બી.પી.એલ વિજ કનેકશન આપવા બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૭/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૭/૨૧–૨૨/૨૧૭ તા.૨૦/૦૧/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૭/૦૧/૨૦૨૨</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી ચૌહાણ બાનુબેન બહાદુરભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રીમતી જે.આર.રત્નુ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ઉપરોકત સરનામે અમોએ બી.પી.એલ કનેકશન માંગેલ જે અંગે પૂરતા બી.પી.એલ ના કનેકશન નિયમ મુજબ ના કાગળો અમો વઢવાણ નગર પાલીકા રજૂ કરેલ છે. નગર પાલીકા દ્વારા અમારૂં કનેકશન મંજૂર કરેલ છે. પરંતુ, પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી, વઢવાણ દ્વારા આ કનેકશન આપવાની ના પાડેલ છે. વારંવાર રજૂઆત કરવા છતાં, કોઈ નિવેડો આવેલ નથી, તે અમોને આ કનેકશન આપવા નમ્ર વિનંતી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ અરજદારશ્રી ની રજૂઆત છેકે અમોએ બી.પી.એલ કનેકશન માંગેલ જે અંગે પૂરતા બી.પી.એલ ના કનેકશન નિયમ મુજબના કાગળો અમો દ્વારા વઢવાણ નગર પાલીકા રજૂ કરેલ છે. નગર પાલીકા દ્વારા અમારૂં કનેકશન મંજૂર કરેલ છે. પરંતુ, પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી, વઢવાણ દ્વારા આ કનેકશન આપવા ની ના પાડેલ છે. વારંવાર રજૂઆત કરવા છતાં, કોઈ નિવેડો આવેલ નથી. તો અમોને આ કનેકશન આપવા વિનંતી.

૩.૨ આજરોજ પ્રતિવાદી દ્વારા રૂબરૂ સુનાવણી દરમ્યાન જણાવેલ છે કે, પત્ર ક્રમાંક– બીઝેડ/ફોરમ/૭૭/૨૦–૨૧/ ૧૯૨ તા.૧૮/૧/૨૦૨૨ મુજબ નો પત્ર તથા પત્ર નં– બીઝેડ/ફોરમ/૭૭/૨૧–૨૨/ ૨૧૭ તા. ૨૦/૦૧/૨૦૨૨ તેઓની કચેરી ખાતે મળેલ ન હોય, આ કેસની વિગતો તેઓ પાસે આજરોજ ઉપલબ્ધ નથી.

૩.૩ અરજદાર ચૌહાણ બાનુબેન બહાદુરભાઈ તથા તેમના પતિ ચૌહાણ બહાદુરભાઈ અમીરભાઈ આજરોજ હાજર છે અને તેઓના જણાવ્યા અનુસાર તેમનું બીપીએલ કાર્ડ ચૌહાણ બહાદુરભાઈ અમીરભાઈ ના નામે છે. તેમજ વર્ષ ૨૦૨૧–૨૨ નું આવક નું પ્રમાણપત્ર શ્રી બહાદુરભાઈ અમીરભાઈ ચૌહાણ ના નામે છે. આવક ના પ્રમાણપત્ર માં કુલ વાર્ષિક આવક રૂ.૭૦,૦૦૦/– દર્શાવેલ છે. આ આવક ના પ્રમાણપત્ર ના આધારે ચૌહાણ બાનુબેન બહાદુરભાઈ (અરજદાર) ને તેમની માલીકી ના મકાનમાં ઝુંપડપટ્ટી યોજના હેઠળ વિજ જોડાણ આપવા માટે નિયમાનુસાર દસ્તાવેજી પુરાવાઓ મેળવીને આગળની કાર્યવાહી કરવા પ્રતિવાદીને સૂચના આપવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૩ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી જે.એમ.મહેતા) | ગેરહાજર<br>(એ.એ.જાડેજા) | (એન.સી.મકવાણા) |
| સ્વતંત્ર સભ્યશ્રી | ટેકનીકલ સભ્યશ્રી | અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :– ૨૭/૦૧/૨૦૨૨.

Consumer Redressal Forum P.G.V.C.L. Bhavnagar